# બાકરોલની અસ્મિતા

— જયંતીભાઈ પટેલ

કોઈપણ ગામનું સ્થાન સામાન્યરીતે અક્ષાંશ, રેખાંશમાં ને માપ ચોરસ મીટરના એકમમાં આપવામાં આવે છે પણ એ રીતે બધાં જ ગામનાં માપ ન આપી શકાય; ને ખાસ કરીને અમારા બાકરોલ ગામનાં તો નહીં જ. બાકરોલ ગામનું માપ કાઢવું હોય તો સૌ પહેલી એની અસ્મિતા જોવી પડે, પછી એની ઉદારતા અને છેલ્લે એનું હાર્દ.

બાકરોલ ગામ પાંચ ભાગના પાટીદારોએ વસાવેલું, વિકસાવેલું અને સમૃધ્ધ કરેલું છે. એ ચરોતરના કેન્દ્રમાં આવેલું છે અને ચરોતરના હાર્દ સમું સદા ધબકતું રહેલું છે.

જ્યાં ઈતિહાસ એક દંતકથારૂપ બની જાય એટલા ભૂતકાળમાં ઊંડા ન ઊતરતાં આપણે એની અસ્મિતાની વાતો વીસમી સદીની શરૂઆતથી જ અવલોકીશું.

## સ્વાતંત્ર્યસંગ્રામ અને બાકરોલ ગામ :

સ્વાતંત્ર્યસંગ્રામમાં બાકરોલ ગામની અગ્રેસરતાનાં મૂળ બહુ ઊંડાં જાય છે. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં બાકરોલના સ્વ. શ્રી ખુશાલભાઈ કાળીદાસ પટેલ ગાંધીજીના અંતેવાસી હતા. જેલમાં પણ તેઓ ગાંધીજીની સાથે રહેલા. ગાંધીજી એમને 'ભગત' કહીને બોલાવતા. આફ્રિકાથી નિવૃત્ત થઈને દેશમાં અવ્યા પછીય એ ગામમાં સેવાસંસ્થાઓ સ્થાપવા તથા તેમને વ્યવસ્થિત કરવામાં અગ્રેસર રહ્યા હતા. તેમણે બાકરોલમાં ૧૯૦૭માં મિત્રમંડળ પુસ્તકાલય શરૂ કરેલું જેનું નામ પાછળથી બદલીને બાકરોલ સાર્વજનિક પુસ્તકાકાય રાખવામાં આવેલું જે હાલ પણ ચાલુ છે ને ખેડા જિલ્લામાં અને હાલ આણંદ જિલ્લામાં જાણીતાં પુસ્તકાલયોમાં ગણાય છે.

બાકરોલની વિવિધ કાર્યકારી સહકારી મંડળીની શરૂઆત પણ તેમણે આઝાદી પૂર્વેનાં વરસોમાં શરૂ કરેલી જે હાલ ચાલુ છે ને માતબર પણ છે.

'૪૦-'૪૨નાં વરસોમાં ગામમાં સેવાદળ ચાલતું. સાયકલોસ્ટાઈલનું નાનું સાદું મશીન પણ ગામમાં હતું. એક નાનું પ્રિંટીંગ મશીન પણ વસાવેલું અને એના પર છપાયેલી પત્રિકાઓ ગામના સ્વયંસેવકો ડાકોરથી માંડીને છેક સોજિત્રા સુધી પહોંચાડી આવતા હતા. સભા અને સરઘસ એ તો ગામના રોજિંદા કાર્યક્રમો બની ગયા હતા. આખું ગામ આઝાદીની લડતને રંગે જાણે રંગાઈ ગયું હતું.

બાકરોલ ગામમાં બધા મળીને ૧૯ સ્વાતંત્ર્ય સેનાની થઈ ગયા છે જેમાંના ૧૮ તો પાટીદારો જ છે; જેમાંના એક હાલ હયાત છે અને એ છે શ્રી ચીમનભાઈ હરમાનભાઈ પટેલ. આનાથી જ આપને બાકરોલ ગામની સ્વાતંત્ર્યસંગ્રામમાંની અગ્રેસરતાનો ખ્યાલ આવશે.

ગામમાં સરદાર પટેલ અને ગાંધીજી જેવી વિભૂતિઓનાં પદાર્પણ થયેલાં છે. સરદાર પટેલ તો એમના અભ્યાસકાળ દરમિયાન બાકરોલ દેસાઈની હવેલીમાં વાંચવા માટે પણ મહિનાઓ સુધી રહેલા હતા.

## હોટેલ વગરનું ગામ :

સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે રોજ નવા નવા કાર્યક્રમોની હાંકલ થતી અને બાકરોલ એમાં કયારેય પાછું રહેતું ન હતું. સરકારી નોકરીઓ છોડી દેવાની અને દૂધની ડેરી પર પીકેટિંગ કરવામાંય બાકરોલ ગામ અગ્રેસર રહ્યું હતું.

આવો જ એક પડકાર આવ્યો હતો હોટેલો બંધ કરવાનો. આજથી લગભગ ૬૦ વર્ષ પહેલાં બાકરોલ જેવા નાનકડા ગામમાંય ત્રણ ત્રણ હોટેલો ચાલે ને એમા ચાનાં તપેલાં રાતદા'ડો ઊકર્યા કરે. એક દિવસ હોટેલો બધ કરાવવાનું એલાન થયું ને તે દિવસ અને આજની ઘડી ગામમાં હોટેલ નામે નથી. હા, કોઈ વટેમાર્ગુ કે ફેરિયો ગામમા આવે છે તેમને ગમને કોઈને કોઈ ઘેરથી ચા પીવા જરૂર મળી જાય છે. હોટેલના પેલા દુષણને બદલે આ આતિથ્યસત્કારનું પુણ્ય ગામ આજેય કમાય છે.

## ખાતા દીઠ રૂપિયો :

લગભગ એંશી વરસ પહેલાંની વાત છે. અમારા બાકરોલ ગામમા એક બ્રાહ્મણ તલાટી. તેમનો દીકરો ભણવામાં બહુ હોશિયાર. મેટ્રિકમાં સારા માર્ક સાથે પાસ થયો પણ એને આગળ ભણાવવાની તલાટીનામાં ત્રેવડ નહીં.

એ વખતે ગામનાં ઉદારતા અને શિક્ષણપ્રેમ એની વહારે આવ્યાં. ગામલોકોએ ભેગા મળીને એક સંકલ્પ કર્યો કે દરેક ખાતેદાર મહેસુલની સાથે વધારાનો એક રૂપિયો તલાટીના દીકરાના ભણતર માટે આપશે. એ વખતે જેટલાં ખાતાં હશે એ બધાંએ છ વરસ સુધી એ ખાતા દીઠ રૂપિયાનો મરજિયાત વેરો ભરેલો અને એ તલાટીના એ દીકરાને ડૉક્ટર બનાવેલો.

પણ દુઃખની વાત એ છે કે ડૉક્ટર થયા પછી એ કયારેય બાકરોલ ગામમાં આવ્યો નથી. પણ બાકરોલને એ વાતનું જરાય દુઃખ નથી. બાકરોલ તો માને છે કે એના આ પુણ્યને પ્રતાપે આજે બાકરોલના પચાસ કરતાય વધારે દીકરાઓ દાકતર થયેલા છે ને દેશ વિદેશમાં નામના કમાયા છે. (આ પ્રસંગને થોડાઘણા ફેરફાર સાથે 'પાટીદાર દર્શન'માં 'ખાતા દીઠ રૂપિયો' એ નામની વાર્તા સ્વરૂપે મેં મૂક્યો હતો જે આપ આ વેબસાઈટમાં પણ વાંચી શકશો.)

## વલ્લભવિદ્યાનગરની સ્થાપના માટે ભૂમિદાન :

વળી એક તક આવી હતી બાકરોલને આંગણે. વલ્લભવિદ્યાનગરના નિર્માણ માટે ભાઈકાકાએ બાકરોલ પાસે જમીનની માગણી કરી. બાકરોલના સૌ ખેડૂતોની સભામાં સૌએ ભાઈકાકાના હાથમાં ગામની સીમનો નકશો મૂકી કહ્યું : 'તમારે આમાંથી જેટલી જમીન જોઈએ એટલી જમીનની સીમા આંકી લો. એટલી જમીન આજથી વિના મૂલ્યે તમને આપી.'

આખું ગામ એકી અવાજે ૩૫૦ વીઘાં જમીનનું દાન કરવા તૈયાર થઈ જાય એ ભાઈકાકાના અને સમગ્ર ખેડા જિલ્લાના ઈતિહાસમાં સૌ પ્રથમ બનાવ હતો. ભાઈકાકાએ આણંદથી લાંભવેલ જવાના માર્ગની અડોઅડ આવેલી જમીન પર પસંદગી ઉતારી. ને બાકરોલ આણંદના માર્ગના ખૂણાથી છેક લાંભવેલ હનુમાનજીના મંદિર સુધીની જમીન તેમણે આંકી લીધી.

પણ એકલું બાકરોલ ગામ આવી યોજનાનો લાભ ખાટી જાય એ કેમ ચાલે? વાત જાણતાંની સાથે જ મોગરીથી સી. બી. પટેલ અને કરમસદના કેટલાક આગેવાનો મેદાનમાં ઊતરી આવ્યા. એમણે બાકરોલને બદલે પોતે જમીન આપવાની તૈયારી તો ન બતાવી પણ બાકરોલને બાકરોલ, કરમસદ અને મોગરીની વચમાંની જમીન આપવાની વિનંતિ કરી. ચારેય બાજુથી કેટલાંય દબાણો લાવ્યા. ને છેવટે બાકરોલે પોતાની મોઘામૂલી ક્યારીની જમીન વલ્લભવિદ્યાનગરના નિર્માણ માટે આપવાની વાતેય હસતે મુખે સ્વીકારી લીધી.

૩૫૦ વીઘાં કયારીની જમીન અને સાથે નળીઓ અને તલાવડીઓ સાથે ગામે વલ્લભવિદ્યાનગરને આપી ને વલ્લભવિદ્યાનગરના શ્રી ગણેશ થયા. થોડા સમય પછી શ્રી પુરુષોત્તમદાસ નામના એક સેવાભાવી કાર્યકરને વિદ્યાર્થીઓ માટે એક સ્વયંપાકી છાત્રાલય માટે જમીનની જરૂર હોઈ તેમણે પણ બાકરોલ પાસે જમીનની માગણી કરી. બાકરોલે તેમને પણ બાકરોલ આણંદના જૂના માર્ગ પર આવેલી ચૌદ

વીઘાંની ચરેડીની જમીન પણ તેમાં આવેલા મીઠા પાણીના પાકા કૂવા સાથે વિના મૂલ્યે આપી. આજે વલ્લભવિદ્યાનગરને ઉત્તરપૂર્વ છેડે આપ એ રમણીય 'વલ્લભ સેવાશ્રમ' જોઈ શકો છો.

પછી વલ્લભવિદ્યાનગરને ઉત્તર તરફને છેડે આવેલી પંદર વીઘાંની બીજી એક ચરેડી પણ બાળકો માટે ક્રિડાંગણ બનાવવા માટે આપી. પણ એને સ્થાને ક્રિડાંગણને બદલે સ્મશાન બનાવી વલ્લભવિદ્યાનગરે મૂળ ધ્યેયની ઉપેક્ષા કરી. બાકરોલે એમાં કોઈ વાંધો ન લીધો. (અત્રે એક વાત કહેવી અસ્થાને નહીં લેખાય કે વલ્લભવિદ્યાનગરે સ્મશાન માટેનું છાપરું પહેલાં વલ્લભવિદ્યાનગર આણંદ માર્ગ પર આવેલી જાળિયાં તલાવડીને છેડે બાંધ્યું હતું જે આણંદે રાતોરાત તોડીફોડી નાંખ્યું હતું.) પણ બાકરોલે તો સ્મશાનનો વિરોધ સરખોય ન કર્યો. બાકરોલ વિરોધ ન જ કરે કારણ કે બાકરોલે વલ્લભવિદ્યાનગરને પોતાનું જ માન્યું છે.

## ગો. જો. શારદા મંદિરની સ્થાપનાના પાયામાં બાકરોલ ગામ :

પછી સન ૧૯૫૦માં વલ્લભવિદ્યાનગરને પાછી બાકરોલની જરૂર પડી. તેમના બે પ્રતિનિધિઓ : સ્વ. ભીખાકાકા અને સ્વ. હરિવલ્લભદાસ શેઠ બાકરોલ આવ્યા. તેમણે રજુઆત કરી કે વલ્લભવિદ્યાનગરમાં ૧૦૦ જેટલા પ્રોફેસરો અને બીજા ૧૦૦ જેટલા અન્ય કર્મચારીઓ રહે છે પણ તેમનાં બાળકોને ભણવા માટે અપૂરતી સંખ્યાને કારણે માધ્યમિક શાળા શરૂ કરવી શક્ય નથી. પણ જો તમે તમારા ગામની એ.વી.સ્કૂલ બંધ કરી બધા વિદ્યાર્થીઓને વલ્લભવિદ્યાનગરમાં મોકલો તો અમે માધ્યમિક શાળા શરૂ કરી શકીએ.

આ પ્રસંગે તેમણે ત્રણ વચનો આપ્યાં હતાં :

૧. એ.વી.સ્કૂલના સ્ટાફને નવી સ્કૂલમાં સમાવી લેવામાં આવશે.

૨. બાકરોલના કોઈ વિદ્યાર્થને ભવિષ્યમાંય એડમિશન વગરના નહીં રાખવામાં આવે.

૩. વલ્લભવિદ્યાનગરનો વિકાસ થતાં જ્યારે બીજી શાળા શરૂ કરવાની જરૂર ઊભી થશે ત્યારે વલ્લભવિદ્યાનગરને બાકરોલ તરફને ખૂણે એ શાળા શરૂ કરવામાં આવશે. પણ જ્યારે આવી બીજી શાળા શરૂ કરવાની જરૂર ઊભી થઈ ત્યારે વલ્લભવિદ્યાનગરના એ વખતના આગેવાનોએ પોત પ્રકાશ્યું કે એમની પાસે બાકરોલ તરફને ખૂણે એવી કોઈ ખાલી જગ્યા નથી કે જ્યાં એ લોકો આવી શાળાનું મકાન બાંધી શકે.

પાછો બાકરોલે જ માર્ગ કાઢવો પડ્યો. બાકરોલે બીજી ૧૮ વીઘાં જમીન આ માટે આપી ત્યારે શા.ધ.દેસાઈ હાઈસ્કૂલ બાકરોલ તરફને ખૂણે સ્થાપી શકાઈ.

બાકરોલ જ્યારે એ.વી.સ્કૂલ બંધ કરી વલ્લભવિદ્યાનગરને શારદામંદિર શરૂ કરાવવાની પેરવી કરી રહ્યું હતું ત્યારે જૂના ગાયકવાડી રાજ્યના હિરકમહોત્સવ નિધિમાંથી બાકરોલની સ્કૂલ માટે રૂપિયા ૬૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર થઈને આવી હતી તે પણ બાકરોલે શારદા મંદિરને આપી દીધી હતી. આજની કિંમતે એ રકમ પચીસ લાખ રૂપિયા કરતાંય વધારે ગણાય.

## બાકરોલ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ અને તેની બેનમૂન કાર્યશૈલી :

બાકરોલમાં સને ૧૯૪૫માં વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.ની સ્થાપના કરવામાં આવેલી જે હજુ પણ ચાલુ છે. તેની એક લાક્ષણિકતા ઊડીને આંખે વળગે તેવી છે. આ મંડળી ખેડૂતોને અન્ય સેવા સહકારી મંડળીઓની જેમ ધિરાણ આપે છે પણ દર વરસે ધિરાણની વસૂલાત થાય એને બીજે જ દિવસે એ મંડળીના મુખ્ય દરવાજાની બહારના બ્લેકબોર્ડ પર મુદ્દતવીતી બાકીદારોનાં નામ પેઈન્ટર પાસે લખાવી દેવામાં આવે છે. ને કોઈ પણ બાકીદાર નાણાં ભરી જાય કે તરત જ તેનું નામ એ બોર્ડ પરથી છેકી નાંખવામાં આવે પણ છે.

ઘણાં ગામ આની પ્રસંશા જરૂર કરે છે પણ હજુ સુધી કોઈ ગામ આનું અનુકરણ કરી શક્યું નથી.

## સૂરતની રેલમાં રાહત :

૧૯૬૦ના દાયકામાં સૂરતની આસપાસના વિસ્તારમાં જ્યારે પાણી ફરી વળ્યાં હતાં ત્યારે બાકરોલ ગામે પોતાની આગવી રીતે સહાય પહોંચતી કરી હતી એ પ્રસંગ તો જાણે તાજો જ હોય તેમ સ્મરણ પટ પર અંકાયેલો છે.દાળ, ચોખા ને કોહિનૂર મિલનો ઘઉંનો લોટ બધું મળીને ૨૭૫ મણ અનાજ લઈને અમે પંદર જેટલા યુવાનો ટ્રક લઈને ગયેલા. અમે કાદવ અને પાણી ખૂંદીને ગામડે ગામડે ફરીને ઘેરઘેર એ સામગ્રી વહોંચેલી. સાથે બાળકો માટે સુખડી, પુરી અને સેવમમરા પણ ખરાં.

## નેત્રયજ્ઞો :

ગામે ૧૦૦ દર્દીઓના ત્રણ નેત્રયજ્ઞો કર્યા હતા. આ પ્રસંગોએ ગામે દરેક દર્દીની સાથે એના બરદાસ્તીને માટે પણ પથારીની ને રોજની બે વખત ખાવાની તથા બે વખત ચાની વ્યવસ્થા પણ વિના મૂલ્યે પૂરી પાડેલી.

## એન.સી.સી. માટે જમીન આપી :

વલ્લભવિદ્યાનગરમાં એન.સી.સી.માટે રાયફલ શૂટિંગની રેન્જની જરૂર હતી પણ આણંદ, કરમસદ પાસે તો મોઘા મૂલની જમીનો. કોઈ મફતમાં જમીન આપવા તૈયાર થાય ખરું? છેવટે બાકરોલ તો હતું જ ને! બાકરોલે એ માટે પાનવાળા કૂવા ને રામપુરાની વચમાંની ૮૦ વીઘાં જમીન આપી. ને શૂટિંગ રેન્જની શરૂઆત થઈ.

કેટલાંક વરસો પછી એક વખત શૂટિંગમાં કશીક ગફલત થઈ કે દૂર કૂવા પર પાણી પીતી એક સ્ત્રીના ગળામાં ગોળી વાગી ગઈ. એ બાઈ તો નસીબદાર કે બચી ગઈ. થોડા વખત પછી આ શૂટિંગ રેન્જ બંધ થઈ ગઈ કે પછી બીજે ખસેડાઈ ગઈ. એ જે હોય તે પણ બાકરોલે તો એ જમીન આપીને પોતાની ઉદારતા બતાવી જ હતી ને એ જમીન પરનું ઉત્પન્ન વર્ષો સુધી જતું કર્યું હતું એ તો ખરું જ.

## ચારુતર આરોગ્યમંડળ અને મેડિકલ કૉલેજનું બખડજંતર :

વલ્લભવિદ્યાનગરમાં ચારુતર આરોગ્યમંડળની સ્થાપના કરવામાં આવી અને તેમણે બાકરોલ પાસે જમીનની માંગણી કરી. એમને એક અદ્યતન હૉસ્પિટલ બનાવવા માટે જમીનની જરૂર હતી. ભલે બાકરોલને અગાઉ સારા અનુભવ ન થયા હોય તોય બાકરોલે તેમને ૨૮ વીઘાં જેટલી જમીન આપી.

પછી તો શ્રી પ્રમુખસ્વામી મહારાજને હસ્તે એનું ભૂમિપૂજન પણ થઈ ગયું. પણ રાજકારણ પાછું રમત રમી ગયું. આરોગ્યમંડળની ૪૦ સભ્યોની હાજરીવાળી એક સામાન્ય સભામાં જ્યારે બાકરોલના ૩૦ આજીવન સભ્યો હાજર હતા ને સામે ફક્ત ૧૦ જ સભ્યો બહારના હતા ત્યારે પેલા ૧૦માંના કોઈ સભ્યે વાત મૂકી કે બાકરોલ ગામે આપેલી જમીનમાં આણંદની ગટરોનાં પાણી ભરાઈ જાય છે ને માટીનું પુરાણ પણ વધુ કરવું પડે એમ છે એને બદલે કરમસદ વધારે સારી જમીન આપવા તૈયાર છે. એટલે હૉસ્પિટલ માટે એ જગ્યા વધારે સારી છે.

બાકરોલે પરિસ્થિતિ સમજી લીધી. જો તેણે ધાર્યું હોત તો પેલા દસ સભ્તોની સામે બહુમતિનો મોરચો રચી એમની એ વાત ઉડાવી દઈ શક્યું હોત. પણ બાકરોલે તેમ ન કર્યું. કરમસદને મોડીમોડીય સખાવતની દાઢ ફૂટી હતી. બાકરોલે પોતાની વાત જતી કરી ને બહુમતિની સામે લઘુમતિને જીતવા દીધી.

## ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર સમાજ અને બાકરોલ :

સમાજે સમૂહલગ્નોત્સવ, યુવાસંમેલન, પ્રમુખસ્વામી સાંસ્કૃતિક કેદ્ર અને કેળવણી મંડળ જેવી

પ્રવૃત્તિયો શરૂ કરી તેમાં પણ બાકરોલે ગણનાપાત્ર ફાળો આપ્યો છે.

સમૂહલગ્ન :- જ્યારે સમાજે સમૂહલગ્નની પ્રવૃત્તિ શરૂ કરી ત્યારે સમાજનાં યુગલોને સમૂહલગ્નમાં જોડાવા ઘણાં સમજાવવાં પડતાં હતાં. આમાં બાકરોલના શ્રી મણિભાઈ શનાભાઈ પટેલ, શ્રી કાળીદાસ મનોરભાઈ પટેલ તથા શ્રી જયંતીભાઈ ડાહ્યાભાઈ પટેલનો ફાળો નોંધપાત્ર છે. સમાજયાત્રામાં એમણે સમાજનાં લગભગ બધાં જ ગામોની મુલાકાત લઈને સમૂહલગ્નની પ્રવૃત્તિને પગભર કરવામાં ઘણો ફાળો આપ્યો છે.

શરૂમાં લોકોમાં એવી માન્યતા હતી કે જે લોકો સમૂહલગ્નનો પ્રચાર કરે છે એ લોકો જ પોતાનાં સંતાનોને સમૂહલગ્નને માંડવે પરણાવતા નથી. એના જવાબરૂપે જ હોય તેમ શ્રી મણિભાઈ શનાભાઈ પટેલે એક સમૂહ લગ્નનો ખર્ચ ઉપાડ્યો અને એમા પોતાના જ દીકરા જગદીશને પરણાવ્યો.

થોડા સમય બાદ બાકરોલના શ્રી કાન્તિભાઈ મણિભાઈ પટેલે એક સમૂહલગ્નનો ખર્ચ ઉપાડ્યો અને પોતાના અમેરિકાથી આવેલા દીકરાને એ સમૂહલગ્નને માંડવે પરણાવ્યો. આટલું પૂરતું ન હોય તેમ તેમણે એ પ્રસંગે જાહેર કર્યું કે તેઓ સમાજના નબળી સ્થિતિના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય આપવા સમાજને દર વર્ષે રૂપિયા એક લાખ (૧,૦૦,૦૦૦) આપશે.

એમણે વચન તો આપ્યું ને બે વર્ષ આ રકમ આપી પણ ખરી પણ એમનું અચાનક અવસાન થઈ ગયું. પણ તેમના દીકરાઓએ સામે ચાલીને સમાજને જણાવ્યું કે તેઓ તેમના પિતાના સંકલ્પ મુજબ દર વર્ષે સમાજને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટેની આર્થિક સહાયની આ રકમ મોકલ્યા કરશે. ને આજે દસ કરતા વધારે વર્ષથી એ દર વર્ષે એક લાખ રૂપિયા નિયમિત મોકલ્યા કરે છે. મને કહેવા દો કે આવું તો ફક્ત બાકરોલમાં જ બને.

### જશકમલ ટ્રસ્ટ અને એનું શિરટોચ દાન :-

મીલસેન્ટ ઘરઘંટીવાળા ભાઈ જશભાઈ મગનભાઈ પટેલે તેમનાં સ્વર્ગસ્થ પત્ની કમળાબેનની સ્મૃતિમાં જશકમલ ટ્રસ્ટની સ્થાપના કરી અને તેમાંથી મોટી સત્તાવીસ પાટીદાર સમાજ કેળવણી મંડળની અને બાકરોલની જિંદગીમાં પહેલી જ વાર એવું રૂપિયા પચીસ લાખ જેવી માતબર રકમનું દાન આપ્યું. બાકરોલ ગામને માટે એ ગૌરવનો વિષય છે. ને એમને પગલે બાકરોલનાં બીજાં પણ ઘણાં દાન સમાજને મળ્યાં છે. સમાજ છાત્રાલય વાડી, કેળવણી મંડળ અને ચાંગા કૉલેજનાં મળીને બાકરોલે સમાજમાં લગભગ એક કરોડ જેટલી રકમનાં દાન આપેલાં છે.

## યુનિવર્સિટીને જમીન આપી :

સરદાર પટેલ યુનિવર્સિટીને રમતના મેદાન માટે તથા સ્ટાફ ક્વાર્ટર્સ માટે કેટલીક જમીન જોઈતી હતી. તેમણે બાકરોલ પાસે જમીનની માગણી કરી તો ગામે તેમને લગભગ ૨૮ વીઘાં જેટલી જમીન વિનામૂલ્યે આપી છે. મોડેમોડે પાંચ વરસ પછી હમણાં બાંધકામ શરૂ થયું છે.

બાકરોલને ના કહેવાની ટેવ નથી પણ હવે તેની પાસે ફક્ત થોડી જ ફાજલ જમીન બચી છે. પણ અમને હજુય શ્રધ્ધા છે કે વખત છે ને કોઈ માગી બેસશે તો બાકરોલ ‘હા’ સિવાય બીજું કાંઈ નહીં જ બોલે. અને એ જ છે બાકરોલની અસ્મિતા.

## બાકરોલ રાજકીય ક્ષેત્રે :

બાકરોલના શ્રી મણીભાઈ શનાભાઈ પટેલ, શ્રી જશભાઈ મગનભાઈ પટેલ તથા શ્રી ચતુરભાઈ મથુરભાઈ પટેલ તાલુકા પંચાયતના સભ્ય થયેલા. તજેતરમાં શ્રીમતિ જયત્સિનાબેન રાજુભાઈ પટેલ આણંદ જિલ્લા પંચાયતનાં પ્રથમ પ્રમુખ અને પ્રથમ મહિલા પ્રમુખ થયેલાં. તે પછી વિધાનસભામાં ચૂંટાઈ તે

બાકરોલ ગામનાં પ્રથમ વિધાનસભાનાં સભ્ય તથા આણંદ જિલ્લામાંથી ચૂંટાનાર પ્રથમ મહિલા ધારાસભ્ય થયાં છે ને એમણે બાકરોલ ગામનું ગૌરવ વધાર્યું છે.

## કેળવણીના ક્ષેત્રમાં આગેકૂચઃ

વલ્લભવિદ્યાનગરને અનેક રીતે સહાયભૂત થયા ઉપરાંત છેલ્લાં કેટલાંક વર્ષોમાં બાકરોલ ગામ પાછું કેળવણી ક્ષેત્રે આગેકૂચ કરી રહ્યું છે. હાલ બાકરોલમાં બે ફાર્મસી, એક હોટેલ મેનેજમેન્ટ અને એક પી. ટી. સી. કૉલેજ સ્થપાઈ છે. વળી અંગ્રેજી માધ્યમની અદ્યતન એક પ્રી પ્રાયમરી તથા પ્રાયમરી સ્કૂલ (ઝેન સ્કૂલ)પણ સ્થપાઈ છે. લાગે છે કે બાકરોલ ગામને અને કેળવણીને સારી લેણદેણ છે.

**અનુક્રમ ⇒**

# MY BAKROL : ••••• •••••• •••

**If you can't read Gujarati in this page please click on View on the upper bar then encoding and then Unicode-8. Now you can read.**



•• ••••• •••••• ••• ••• •••
••
••••• •••.

[Home Page](#)

[History of Patidar (in English)](#)

[•••••• •••••••-••••••](#)

[•••••••• •••••••](#)

[•• •••••• •••••](#)

[•••••••• •••••••••••](#)

[•••••••• ••• •••••](#)

[•••••• ••••••• •••••••••](#)

[•••••••• ••••••••••-•](#)



[••••••••••-](#)

••••••.•••••••••.••• (bakrol.pustakalay.com) ••• ••••••• ••••• •••••• ••. • ••• •••••• •••••• •••• •••••• ••••• ••••• •••••••• ••. • ••••••• ••• •••• ••••••••• • •••• •••••• ••• •• •• ••••• •••••• •••••-••••••• ••••••• ••••• ••••• ••• • ••••••• •• •••• ••••••••• • •••• ••••••• •••••••••• •• ••• ••• •••• •••••• ••••••• ••••• •••••• ••.

••••••• •• •••• ••••• •• ••••••• •• •• ••••••• •••• •••• •• •••••• ••••• ••••• •••• ••••••• •••. •• •••••• ••• ••••• •••••• ••••••• •••-••••• •• • •••••, ••••••• ••• ••• •••••• ••••• ••••• •••• •••••• ••• ••• ••• •• ••.

[••••• •••••• ••••-](#)

•••• ••••••• ••••••••• ••••••••, ••••••••• ••• •••••• •••••• •••••• ••• •••••• ••••, •••••••, •••••• ••• •••••• •••••••• ••••••• ••••• ••••• ••••• ••.

••••• ••••• ••• ••••••• •••• ••• ••••••• ••••• •• •••• •••••••••• •• •••• ••••••• ••••••• ••• •• •• •••••• ••••• ••• •••• • ••••••• •••• ••• ••• ••. ••• ••• ••• ••••••••• •••••• •••••• •••• •••••• ••••••••••• •••• •••• ••• ••. ••• • ••• •••••• •••• ••• •••• ••••••, ••••• ••• ••••••••• ••• •••••

A study of a village Bakrol

This is a first step in the study program in which we are going to perform survey of different villages of Charotar.

'My Bakrol' is just a guide line for individuals who want to create web site of their villages. We will provide free space and ftp account for this type of web sites for free.

Please contact us at [jd4books@yahoo.com](mailto:jd4books@yahoo.com) for terms and privacy policy. Thank you.

•••• ••••••• ••• •••••• ••• •••••••

(•••••• •••• •• •• ••• •• ••••• •••)

[••• •••••••](#)

[•••• ••••••••••](#)

[••• •••••••](#)

[••• •••••••](#)

[••••• ••••••](#)

[•••• •••••](#)

[•••• ••••••••](#)

[••••• ••••](#)

[••••](#)

[••••• ••••](#)

[••••••••](#)

[•••••••](#)

[••••••••••](#)

[••••• •••••• •••••](#)

[•••••](#)

[illegible] jd4books@yahoo.com

Free Guestbook
smartgb.com
My Guestbook

27,107
View My Stats